# Day to Day Current Affairs

30 એપ્રિલ-૨૦૧૫ ગુરૂવાર

૧) **100 સ્માર્ટસીટી બનાવવાના પ્રોજેક્ટ્ને કેબીનેટની મંજુરી :** કેન્દ્રીય કેબીનેટે 100 શહેરોને સ્માર્ટસીટી બનાવવાના 48 હજાર કરોડના પ્રોજેકટને મંજુરી આપી છે. આ પ્રોજેકટમાં પસંદ પામેલ પ્રત્યેક શહેરને 5 વર્ષ સુધી દર વર્ષે 100 કરોડની રૂપિયાની કેન્દ્રીય સહાય આપવામાં આવશે. વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીની અધ્યક્ષતામાં મળેલી આ કેબીનેટ બેઠકમાં જવાહાર નહેરુ નેશનલ અર્બન રિન્યુઅલ મિશન (JNNURM) ને નવા સ્વરૂપમાં રજુ કરી સરકારે તેનુ નામ બદલી 'અટલ મિશન ફોર રિજુવિનેશ એન્ડ અર્બન ટ્રાન્સફોર્મેશન (AMRUT) રાખ્યુ છે. કેબીનેટે JNNURM હેઠળ અધુરા રહેલ પ્રોજેકટને AMRUT હેઠળ નાણા આપવાનો નિર્ણય લીધો છે.

૨) **મુકેશ ખન્ના :** 'શક્તિમાન' તરીકે જાણીતા અભિનેતા મુકેશા ખન્નાની ચિલ્ડ્રન ફિલ્મ સોસાયટીઓફ ઇન્ડીયાના ચેરમેન પદે નિયુકિત કરાય છે. અમોલ ગુપ્તેએ રાજીનામુ આપી દેતા મુકેશ ખન્ના તેમનું સ્થાન લેશે.

3) **'સૌરવ ગાંગુલી :** ક્રિકેટ કેપ્ટન્સી એન્ડ કોન્ટ્રોવર્સી : આ પુસ્તક ભુતપુર્વ ભારતીય ક્રિકેટર સૌરવ ગાંગુલીના જીવન પર છે. લેખક : સપ્તર્ષી સરકાર.

૪) **એશિયાન શિખર બેઠક – 20015 :** યજમાન દેશ – મલેશિયા. 10 એશિયન – પુર્વે દેશોના આ સંગઠનની સ્થપના 8 ઓગસ્ટ 1947ના રોજ મલેશિયા, ઇન્ડોનેશિયા, ફિલિપાઇન્સ, સિંગાપોર અને થાઇલેન્ડે કરી હતી. પછી તેના સભ્ય દેશોમાં બ્રુનેઇ, કમ્બોડીયા, લાઓસ, બર્મા અને વિયેત નામને પણ પણ સમાવાયા હતાં.

૫) **એચ.એમ. તલાટી :** રાજ્યના પ્રતિષ્ઠીત ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ (CA) અને જાણીતા તલાટીનું અવસાન.વર્ષે 1949માં ઇન્કમટેક્ષ ઓફીસરની પરીક્ષામાં સમગ્ર ભારતમાં તેઓ પ્રથમ આવ્યા હતાં.

૬) **વિમેન્સ વર્લ્ડ ચેસ ચેમ્પિયનશીપ :** ભારતની દ્રોણાવલી હરીકાએ સિલ્વર અને કોનેરુ હમ્પીએ બ્રોન્જ મેડલ જીત્યો હતો. ટીમ ઇવેન્ટમાં ભારતનો ચોથો ક્રમ રહ્યો હતો. પ્રથમ ક્રમે જ્યોર્જિયા,બીજા ક્રમે રસિયા, અને ત્રીજા ક્રમે ચીન રહ્યું હતું. વિમેન્સ વર્લ્ડ ચેસ ચેમ્પિયનશિપનુ આયોજન ચીનના ચેન્ગદૃ ખાતે થયું હતું.

૭) **સફાઇ ઝુંબેશ પખવાડીયું :** મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન અંતર્ગત સરકારે 01/05/15 થી 15/05/15 દરમિયાન સફાઇ ઝુંબેશ કરશે. 'સ્વચ્છ સુંદર શહેર અને હરિયાળુ ગામ લાવે ખુશહાલી જો આટલા કરો કામ' આ સુત્ર સાથે સરકારે તારીખ પ્રમાણે કામ સુચવ્યા છે. જે નીચે મુજબ છે. તારીખ 1,2,7,11 : પ્રતિમાઓ, બસ સ્ટેન્ડ, રેલ્વે સ્ટેશન, હોસ્પિટલની સામુહિક સફાઇ, સ્લેમ વિસ્તાર/સફાઇ કર્મચારીઓનો મેડીકલ કેમ્પ. તારીખ 4,5,6 જાહેર માર્ગો, જાહેર સ્થળો, શાકમાર્કેટ, ખાણી પીણી બજાર, ઉકરડા, કચરાના ઢગલા, ઝાડી-ઝાખરા, ડેબ્રિઝની સફાઇ. તારીખ 8,10,13 : શોચાલય, ડ્રેનેઝ નાળા, કાંચ,સેપ્ટીક ટેકની સફાઇ. તારીખ 9,12,14 : પાણીની ઓવરહેડ અને અન્ડર ગ્રાઉન્ડ ટાંકીને સફાઇ પાઇપ લાઇનના લીકેજનું રિપેરિંગ અને ડ્રાયડે.

www.vivekanandacademy.org